12 ઊમૂર ન્યૂઝલેટર


# સિલ્કે હયાત

ઊમૂર દાખેલીયાહ

અંક ૮ | શેહરે સફરુલ મુઝફ્ફર ૧૪૪૩ હી. | ગુજરાતી

અવલિયાઉલ્લાહ(અ.સ.)એ હંમેશા દુનિયાને દિન માટે ઉપયોગ કરતાં શીખવ્યું છે, અને તેના માટે શોખ અપાવ્યો છે, ઈમામ મોઈઝ (અ.સ.)એ શાહી કલમની શોધ કરવાનો હુકમ કર્યો, અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) ના વાઅઝની બરકાત હજારો મુમેનીનને રીલેના માધ્યમથી મળી, આપ મૌલા ફરમાવતા કે આ જેટનો જમાનો છે તો કામો પણ તે પ્રમાણે થવા જોઈએ,

ઈદારતુલ તારીફલ શખ્સી - ITS તેનો એક નમૂનો છે, જેનાં કારણે મુમેનીન - દઅવત અને રબ્બૂલ દઅવતથી નજીક થાય છે, અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.)એ ઉમુર દાખેલીયાહને જમાઅતના કામો સહેલ થાય તે માટે લક્ષ્ય અને દ્રષ્ટિકોણ આપ્યા, જેથી દરેક મૂમિનને તેનો ફાયદો મળી શકે,



# રસ્તાઓ ની સહુલિયત

લેખક – મુલ્લા અબ્દેઅલી શેખ હાતીમભાઈ દાએરતુલ અકીક – મુંબઈ

હુસૈન: બુરહાનુદ્દીન ભાઇ તમારું ઘર ક્યાં છે?

બુરહાનુદ્દીન: ઊભા રહો, હું મારા ઘરનું લાઇવ લોકેશન તમારી સાથે શેર કરી રહ્યો છું.

હુસૈન: સારું છે, હું એરપોર્ટ પરથી ઉબેર ભાડે લેવાનું વિચારી રહ્યો હતો, હું તેમને તમારું લાઇવ લોકેશન આપીશ અને તેઓ મને તમારા ઘરે બરાબર ઉતારી દેશે. બુરહાનુદ્દીન: સારું, જ્યારે તમે એરપોર્ટ પર ઉતરો ત્યારે મને વોટ્સએપ કરજો હું મારા ઘરનું લાઇવ લોકેશન શેર કરીશ.

હુસૈન: ચલો, ઇન્શાલ્લાહ.

લાખો લોકો દરરોજ એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરે છે. મુસાફરી, માનવ જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. હલનચલનને કારણે માનવ અને પ્રાણી, છોડ અને નિર્જીવ વસ્તુઓ થી અલગ પડે છે.

અલ્લાહ એ પ્રાણીઓને ક્ષમતા આપી છે, જેના કારણે તેઓ અલગ અલગ સ્થળે મુસાફરી કરી શકે છે, અને તેમના લક્ષ્યસ્થાન સુધી પહોંચી શકે છે. તેવી જ રીતે, અલ્લાહે મનુષ્યોને અકલનું રત્ન આપ્યું છે, જેના કારણે તે રસ્તાઓનું મૂલ્યાંકન કરે છે, અને તેમના આયોજિત સ્થળો સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે.

પ્રાચીન સમયથી મનુષ્ય હંમેશા મુસાફરી માતે તૈયારી કરે છે, જેમાં રસ્તાના નકશા અને માર્ગ ની સલામતી મુખ્ય તૈયારી હતી. કારણ કે આ બે તૈયારી કોઈપણ મુસાફરી ને સરળ બનાવે છે.આ કારણોસર ભૂતકાળમાં મુસાફરો મુસાફરી કરતી વખતે તેમની સાથે એક બાતમીદાર (માહિતી આપનાર) ને સાથે લેતા હતા, જે તેમની આગળ જતા અને તલવારની ધારથી તેમને પાણી અને માર્ગની સલામતી વિશે જાણ કરતા. તેમજ ભૂતકાળમાં લોકો દિશા માટે તારાઓનું નિરીક્ષણ કરતા, અને તારાઓને અનુસરીને તેમના મંજિલ સુધી પહોંચતા હતા.

આજની કંપનીઓ જેમ કે ગૂગલ, ફેસબુક, એમેઝોન, એપલ ઇન્ક, માઇક્રોસોફ્ટ લોકોનો ડેટા અને દરેક વિગતો એકઠી કરી રહી છે, જેના કારણે તેઓ બજાર પર રાજ કરી રહ્યા છે. અગાઉ જે રસ્તાઓ ઘણા દિવસો અને મહિનાઓની મુસાફરી પછી પાર કરવામાં આવતા હતા, તે આ દિવસોમાં થોડાજ કલાકોમાં પાર થઇ જાય છે. પ્રાચીન સમયમાં લોકો પરિવહન ની રીત (mode of transport) તરીકે પ્રાણીઓનો ઉપયોગ કરતા હતા, પરંતુ હવે ટ્રેન, પ્લેન, બસ, કાર અને જહાજ ને પરિવહન ની રીત તરીકે ઉપયોગમાં લેવાય છે, જેના કારણે મુસાફરી ઝડપી અને સરળ બની છે. આશ્ચર્યજનક છે!કે આકાશ અને દરિયાઇ માર્ગ માં તેના મુસાફરોને માર્ગદર્શન આપવા માટે કોઈ દિશા બોર્ડ ચિહ્નો (road board signs) નથી હોતુ, પરંતુ તે પછી પણ આકાશ અને દરિયાઇ માર્ગ દ્વારા મુસાફરી કરનાર તેની મંઝિલ સુધી પહોંચે છે. આ કેવી રીતે થયું?તેનો જવાબ આ છે કે આજે આપણ ને નેવિગેશન અને આધુનિક જીપીએસ સિસ્ટમના કારણે આ સુવિધાઓ મળે છે, જે સિસ્ટમ કોઈપણ મુસાફરીના ડેટા, અંતર અને માર્ગ વિશ્લેષણ કરે છે, અને ઉપલબ્ધ શ્રેષ્ઠ માર્ગ બતાવે છે, જેના કારણે

આજે ડેટા એકત્ર કરવો,એ બજાર પર શાસન કરવા માટેનું મુખ્ય તત્વ છે. જેમ એક વખત મા તેલ ને મૂલ્યવાન માનવામાં આવતું હતું,તેમ આજે ડેટા ને મૂલ્યવાન માનવામાં આવે છે,

મુસાફરી સરળ અને સલામત બને છે. અને દરેક ક્ષેત્રમાં આજે ડેટાનું નિરીક્ષણ કરીને ઘણા મોટા અને મહત્વપૂર્ણ નિર્ણયો ઝડપથી લેવામાં આવે છે.

એક હદીસમાં રસુલ્લાહ(સ.અ) ફરમાવે છે

اصحابي كالنجوم بايهم اقتديتم اهتديتم

મારા અસહાબ તારાઓ જેવા છે,જો તમે તેમાંથી કોઇને પણ અનુસર સો તો તમને હિદાયત પ્રાપ્ત થઇ જશે. તો રસુલ્લાહ(સ.અ)ના ખરેખર અસહાબ બલકે ભાઈઓ કોન છે?કે દુઆત મુત્લકીન(અ.સ) જેમના માર્ગને અનુસરી કરી નેજ મુમિનીન ને હિદાયત મળે છે.

અપના અવલિયાઉલ્લાહ (અ.સ) ની શાન ખૂબજ ઉચ્ચ છે,તે ઓને આકાશ અને જમીન ના રસ્તાઓનું ઇલ્મ ખુદા યે આપુ છે. જેમ રસુલ્લાહ(સ.અ)માતે ખુદા યે દુનિયા ને એક નહાનો દડો બનાવી દીધો,કે રસુલ્લાહ (સ.અ) જે ચાહે તે એહમા જોઇ શકે, આજ શાન હર ઝમાન ના મૌલા ને ખુદા યે આપી છે,આપ સગલા ના પાસે દુનિયા એક દડા જેમ છે. આપ સગલા જે ચાહે તે એહમા જોઇ શકે છે.

અલ્લાહ ના નૂર દ્વારા અપના અવલીયા મુમિનીન ને તેમની આંગળી પકડીને હિદાયતના માર્ગ પર ચલાવે છે. જેમ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન આકા(ર.અ) યે હજારો મિલો નુ જોઇ ને મુમિનીન ને વ્યાજ સી દુર કરી તેમને યોગ્ય માર્ગ પર લઇ અવ્યા. યેજ પ્રકાર સી ઈમામ હુસૈન નો ગમ અને માતમ કરાવીને મુમિનીન ના માતે અખેરત ના માર્ગ ને રોશન કરી દે છે.

અપના અવલિયાઉલ્લાહ(સ.અ)ના હૃદય માં મુમિનીન માતે કેટલી વધારે સ્નેહ અને લાગની છે?કે યે સગલા મુમિનીન ના માતે જે શ્રેષ્ઠ મા શ્રેષ્ઠ માર્ગ છે યેજ માર્ગ બતાવે છે, જે માર્ગ પર ચાલવાથી મુમિનીન સરળતાથી અને સુરક્ષિત રીતે તેમની મંઝિલ સુધી પહોંચી જશે.

જેમ આપણે પહેલા ચર્ચા કરી હતી,કે આજે જેની પાસે ડેટા અને ઇલમ છે,તે આજની દુનિયામાં સર્વોત્તમ છે. તો મૌલા યે મુમિનીન ને દિન અને દુનિયા નુ ઇલમ આપી દિન અને દુનિયામાં મા સર્વશ્રેષ્ટ બનાવી દીધા છે. અને અમને મૌલાના અલી(અ.સ)ના આ નિવેદનનો પ્રકાશ બતાવ્યો કે,

طلبت الرياسة فوجدتها في العلم والتقوى

મેં નેતૃત્વની શોધ કરી અને મને તે ઇલ્મ અને તક્વામાં મળી. આજે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકા(ત.અ)એ ઉમુર દખીલિયાહના સભ્યોને ખૂબ મહત્વની ભૂમિકા અને ખિદમત આપી છે, તે સુ?કે મુમિનીન ના ડેટા એકત્રિત કરવા,જેથી તેનો ઉપયોગ મુમિનીન ના કલ્યાણ અને સમૃદ્ધિ માટે દાવત ના અલગ અલગ ઇડારા કરી શકે.

ઉમુર દાખિલિયાહની આ દ્રષ્ટિને સમજાવતા, સૈદના મુફદ્દલ સૈફુદ્દીન આકા(ત.અ)ફરમાવે છે કે

“છઠ્ઠો- - ઉમુર દાખીલ્ય, I.T ને ઇસ્ટે માલ કરી ને હર શેહર માં મુમિનીન નો ડેટા બારાબર હોઇ, જે ના સબબ મુમિનીન ના ઉમુર ઉસતોવાર થાઇ”

# આલમે ઈમાનથી ઉમુર દાખેલીયાહની એક જલક

## જમાઅતના હિસાબ કિતાબનું આધિનિકીકરણ

### લુણાવાડાં

લુણાવાડામાં one window system સ્થાપિત કરવામાં આવ્યું, જેનાથી ખિદમતગુઝારને જરૂરી માહિતીના સાથે ખિદમત કરવા માટે એક સારો સ્રોત મળ્યો, તે સાથે JMSની નવી સિસ્ટમ, જૂની મેનેજિંગ સિસ્ટમમાંથી બદલવામાં આવી, જેના કારણે FMB અને સબીલનું વસૂલ કરવું અને ITS થી ડેટા મેળવીને રશીદ બનાવવું ઘણું સહેલ થઈ ગયું, અને અલવઝારતૂસ સૈફિયાહના સૂચનો પ્રમાણે કામો થાય છે, આ દરેક ટેક્નોલોજીના કારણે ખિદમતગુઝાર અને મુમેનીનના સમયનો બચાવ થયો અને મુશ્કિલ કામોમાં સમયનો બગાડ થવાથી બચી ગયો,

## DUD ની નોહઝત

### બેંગલોર

મુમેનીનનો ડેટા અપડેટ કરવા માટે પૂરી કોશિશ કરવાના લીધે બેંગલોર જમાઅતએ 98% મુમેનીન નો ડેટા અપડેટ કરવામાં કામયાબ થયાં છે, તેને પૂરું કરવા માટે તે લોકોએ 3 રસ્તા અપનાવ્યાં, મુમેનીનને ડેટા ડ્રાઇવની માહિતી આપવામાં આવી અને ઝુંબેશ ચલાવામાં આવી, જમાઅતના અલગ અલગ સંચારના માધ્યમોથી મુમેનીનને ખબર કરવામાં આવ્યા અને અપડેટ માટે શોખ અપાવ્યો, અને મસુલ અને મુસાઈદને અલગ અલગ ઇલાકામાં વિભાજિત કરી ને બધા ને module નું full access આપવામાં આવ્યું, લગભગ દરેક મુસાઈદને 18 થી 20 ઘરોની જિમ્મેદારી આપવામાં આવી હતી, જેના કારણે કામ ઘણું જ સહેલું થઈ ગયું, અને મૌલનલ મીનઆમ(ત.ઉ.શ.)ના દુઆઅ મુબારકથી અને પુનરાવર્તિત અપડેટ અને દેખરેખના કારણે આ લક્ષ્ય તેના પરિણામ સુધી પહોંચ્યું.

## ડેટાનું મહત્વ- તેલની જેમ કે પાણી ની જેમ?



મુલ્લા શબ્બીરભાઈ મુલ્લા ફખરુદ્દીનભાઈ દાનિશ, Co-founder & CFO - Exeest

આજે દુનિયાની 3 સર્વોચ્ચ ડેટા કંપની દુનિયાના કુલ તમામ તેલ અને ગેસના કારોબાર કરતાં વધુ આગળ છે, જે જેટલો વધુ ડેટા એકઠો કરે છે, તેની કિંમત એટલી વધારે થાય છે, તેમણે ફક્ત તે ડેટાને refine કરીને ઉપયોગ કરવાનો રહે છે,

ડેટાના આ મહત્વના કારણે એમ કહેવામાં આવે છે કે ડેટાની કિંમત તેલ જેવી છે- જેના પાસે હોય તે અમીર બની શકે છે, તેના બદલે ડેટા તેલ નહીં – પાણીની જેમ છે, જેને ભેગું કરીને શુદ્ધ કરીને ઉપયોગ કરવામાં ઘણા ફાયદાઓ છે. જેમ પાણી ગુસલ માટે, પીવા માટે, પરિવહન માટે, ઉપયોગ કરવામાં આવે છે,-તેમ ડેટાથી ઘણા અલગ અલગ કામો થઇ શકે, અને તે પ્રમાણે તેને શુદ્ધ કરવું જરૂરી છે,

જો ઘણી હોશિયારી અને સમજદારીથી ડેટાનો ફાયદો લેવામાં આવે-તો આવનારા ભવિષ્યના નિર્ણયો લેવું ઘણું સહેલ થઈ જાય છે અને ઘણો ફાયદો પણ થાય છે, જેમ કે વેપારમાં કોઈ એમ જોવે કે કોફીનો વેપાર અને તેનો ઉપયોગ વધતો જાય છે અને તેના પ્રમાણે wholesalers થી સમય કરતાં પેહલા dealing કરી લે તો જે સમયે માર્કેટમાં માંગ ઘણી વધારે થાય તો તેને ફાયદો થાય. ખિદમતના મેદાનમાં ડેટાનો ફાયદો આ જ રાહ પર ઊઠાવવો જોઈએ, જો Artificial intelligence થી એમ થઇ શકે કે માણસના દિમાગની પેટર્નને જાણી લઈ અને હીફ્ઝુલ કુરઆનના પેટર્નને સમજી શકે-તો કુરઆન હીફ્ઝ કરવું કેટલું સહેલ થઇ જાય,આ રીતે જો ડેટાથી યોગ્ય રીતે ફાયદો લઈએ તો કયાં થી કયાં પોહચી શકાઈ,

# આલમે ઈમાનથી ઉમુર દાખેલીયાહની એક જલક

## મુમેનીનના ITS ડેટાની સુરક્ષા



### મુલ્લા સૈફુદ્દીનભાઈ સલેટવાલા, ઈદારતુલ તારીફલ શખ્સી

છેલ્લા 20 વર્ષથી અલગ અલગ કંપનીઓ ડેટાની કિંમત સમજીને તેના સંગ્રહ માટે ઘણી સંભાળ લે છે, અને તે ડેટાનો દુરુપયોગ ન થાય તે માટે કંપનીઓને privacy policy (ગોપનિયતા નીતિ) નું પાલન કરવું જરૂરી હોય છે. આ policy માં વેબસાઇટ – વપરાશકર્તાના ડેટાને એકઠો, સંગ્રહ, ગોઠવણ અને ઉપયોગ કઈ રીતે કરવો તેની વિગતો નક્કી કરવામાં આવે છે.  અને અમો its52.com ના ખિદમતગુઝારો આ policy નું ખૂબ જ સંભાળપૂર્વક, જિમ્મેદારી અને અમાનતદારીથી પાલન કરીએ છે, policy – its homepage પર મૌજૂદ છે.આ privacy policy સરકારી જરૂરિયાત હોવાના સાથે, મુમેનીનના ડેટાનો ઉપયોગ અને સુરક્ષા its52 ખૂબ સંભાળપૂર્વક કરે છે અને આ ડેટાના  દેખરેખ માટે પ્રક્રિયાઓ પર ધ્યાન આપે છે એમ બતાવવા માટેનો સારો સ્ત્રોત છે, દરેક વ્યક્તિનો ડેટા તેના રજામંદી અને રજાથી લેવામાં આવે છે, આ તમામ પ્રક્રિયા 16 કરતાં વધુ હિસ્સામાં વહેચાયેલ છે અને તમામ માહિતી – સુરક્ષિત સિસ્ટમમાં સંગ્રહિત થાય છે.

ઈદારતલ તારીફલ શખ્સીએ મુમેનીનના ડેટાની સુરક્ષાને પ્રાથમિકતા આપી છે, અને તેનો દુરુપયોગ ન થાય તે માટે દરેક જરૂરી પગલાઓ લેવામાં આવે છે, તે માટે અલગ અલગ checks and balances રાખવામાં આવ્યા છે જેથી તે ડેટા રજા વગર કોઈ મેળવી ના શકે. અદ્દાઈલ અજલ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકાએ ઉમુર દાખેલીયાહને – મુમેનીનનો ડેટા બરાબર હોય અને તેનાથી કામો દુરુસ્ત થાય- એમ હદફ આપ્યું છે.  ITS એ ડેટાને મુમેનીનના દરજ્જા અને કદરો-કિંમત વધે અને બાબતો શોધી તેને હલ કરવા માટે ઉપયોગ કરે છે, તેથી ITS એક નિરાલો પ્લેટફોર્મ છે, જે ડેટા કંપની નથી પણ વપરાશકર્તાના ફાયદા માટે ઉપયોગ કરવામાં આવે છે.મુમેનીનના ભરોસા અને વિશ્વાસ – જે બધા ITS પર રાખે છે- તેની કદર કરતાં અમો નિશ્ચય કરીએ છે કે આ જિમ્મેદારી ખૂબ જ સારી રીતે – સંભાળપૂર્વક લઈ ઊઠવાની પૂરેપૂરી કોશિશ કરીશું, મુમેનીનના feedback માટે અમે શ્રોતા છીએ, કે જેના કારણે અમારા લક્ષ્ય તરફ એક કદમ આગળ વધી શકીએ – "મુમેનિનને મૌલા સી કરીબ કરે.

## ખૈતાન

### કમ્યુનિકેશન (સંચાર) ની પદ્ધતિ

ખૈતાન ગામમાં મુમેનીનના સાથે સારા કમ્યુનિકેશન માટે એક all rounder application તૈયાર કરવામાં આવી છે, કે જે વ્યક્તિગત તેમાં 4 ફંક્શન્સ છે,

- Home Page
- Notifications
- Jamaat Website
- RSVP

Notification નાં સ્ત્રોતથી મુમેનીનને મેસેજ, ઈમેજ, વિડીયો મોકલવામાં આવે છે, તેના કારણે દરેક વ્યક્તિ દરેક બાબતોથી માહિતગાર રહે છે,

નજીકના સમયમાં બીજા અલગ અલગ ઇદારા(સંસ્થા)ઓ application થી link કરવામાં આવશે,

અને તે સાથે feedbacks અને complaintsને ઉકેલવામાં આવે છે,




# Mumineen Demographics Overview


વસ્તી વિષયક ડેટા આજના સંજોગ જાણવા અને આવનારાં સંજોગોની આગાહી અને તેના અનુસાર આયોજન કરવા માટે ઘણું જરૂરી છે, જેમ કે વસ્તી વિષયક ડેટાથી જો એમ જાણી શકાય કે આ વર્ષ ઘણા બચ્ચાઓનો જન્મ થયો છે, તો એમ આયોજન થઈ શકે કે આવતા વર્ષોમાં શૈક્ષણિક માળખું મજબૂત થાય, તેમ જ આ રીતના ડેટાથી વેપાર અને તેના આયોજનમાં ઘણા ફાયદા થાય, નીચે આપેલ આલેખમાં અમુક ડેટા લેવામાં આવ્યા છે જે ફાયદામંદ પણ છે અને દિલચસ્પ પણ!

ITS ડેટા પરથી લેવામાં આવેલ છે, - માર્ચ 2021


## Occupation





## Nationalities




## Age




## Top 10 Names



### Female

01. Fatema
02. Sakina
03. Tasneem
04. Zainab
05. Rashida
06. Nafisa
07. Batul
08. Zahra
09. Farida
10. Munira

### Male

01. Husain
02. Burhanuddin
03. Murtaza
04. Mustafa
05. Shabbir
06. Mohammed
07. Aliasgar
08. Abbas
09. Huzaifa
10. Saifuddin



# ડેટા અપડેટ ડ્રાઇવ 2021 વિજેતાઓ

આ વર્ષે ડેટા અપડેટ ડ્રાઇવ રાખવામાં આવી હતી અને તે ઘણી કામયાબ રહી, 70% કરતાં વધુ મુમેનીન તેમાં સામેલ થઈને ડેટાને અપડેટ કર્યો, આ રીતની કામયાબી ગામના મુમેનીનના પ્રયત્નો, ખિદમતગુઝારોની મેહનત, ખાસ કરીને ITS અને ઉમુર દાખેલીયાહના ખિદમતગુઝારોની કોશિશનું પરિણામ છે, જે જમાઅતએ વધુમાં વધુ ડેટાને અપડેટ કરાવ્યો છે, તેના નામો પ્રોત્સાહન માટે રજૂ કરવામાં આવે છે.

1. Alirajpur
2. Chandarpur
3. Dahi
4. Barwaha
5. Wardha
6. Rajnandgaon
7. Seoni
8. Lunawada
9. Sunel
10. Shehorecamp

# મુમેનીનના તાઅસુરાત

## આજના સમયમાં રિલે (relay)

મૌલનલ મિનઆમ(ત.ઉ.શ.)ની મજલિસની બરકત આકા મૌલા (ત.ઉ.શ.) સુરત પધારે છે, ત્યારે મમલુકે સૈયદનલ મીનઆમ (ત.ઉ.શ.) સુરતમાં ITS Scanning ની ખિદમત કરૂં છું, અને એમ તસવ્વૂર લઉં છું કે મૌલનલ મીનઆમ (ત.ઉ.શ.)નું કરમ અને એહસાન છે કે આટલાં મુમેનીનને મજલિસમાં સામેલ થવાની રઝા મુબારક ફરમાવે છે, કે જે મજલિસમાં મલાએકતની ભીડ રહે છે.

**અબ્દુલકાદિર ઝકવી, સુરત**

## ITS નો ડેટા

એક architect માટે દરેક પ્રકારનો ડેટા જરૂરી છે, તેમ મૌલનલ મીનઆમ (ત.ઉ.શ.) એ ITSનો પાયો એવો રચ્યો છે કે જેમાં મુમેનીનના દરેક પ્રકારનો ડેટા સમાય જાય, અને તે તમામ પ્રકારના ડેટાનું ઘણું મહત્વ છે, હું એમ તસવ્વૂર લઉં છું કે જ્યારે પણ અલગ અલગ ડેટા એકત્રિત કરવામાં આવે છે તો જાણે કે મૌલનલ મીનઆમ (ત.ઉ.શ.) આપણને આપણો હાલ પૂછી રહ્યા છે.

**અલીઅસગર ઈઝ્ઝી, પૂના**

## ખાસ જાહેરાત!

# સામયિક સ્પર્ધા!

સીલ્કે હયાત નયૂઝલેટર 6 મહિનાથી શરૂ છે, મુમેનીન ઘણા શોખથી તેને સમર્થન કરી રહ્યા છે અને દર મહિને લગભગ 30000 લોકો આ નયૂઝલેટર થી ફાયદો લે છે, આ શોખ અને સમર્થનની પ્રશંષા કરતાં 12 ઉમુર સામયિકની એક ઓપન સ્પર્ધાની જાહેરાત કરવામાં આવે છે,

**કોણ ભાગ લઈ શકે છે?**
જેને પણ વ્યક્તિગત – અથવા કે ટીમ બનાવીને ભાગ લેવો હોય તે લઈ શકે છે,

**વિજેતા કોણ થશે?**
જે સામયિકનું થીમ, ડિઝાઇન અને વિષયવસ્તુ સારામાં સારો હશે, તે વિજેતા થશે,

**આ સ્પર્ધામાં સામેલ કેવી રીતે થવું?**
નીચે આપેલ linkથી આ સ્પર્ધા માટે register કરી શકાય છે, ઈમેલના માધ્યમથી વધુ માહિતી મોકલવામાં આવશે,

**સ્પર્ધામાં શું કરવાનું રહેશે?**
પોતાના ગામનું 12 ઉમુરનું સામયિક તૈયાર કરવાનું રહેશે, તેમાં ગામમાં 12 ઉમુર સંબંધિત જે પણ કામો થાય હોય તેને સમાવિષ્ટ કરવાનું રહેશે,

**વિજેતાને શું ઈનામ મળશે?**
વિજેતાને ઈનામ તો મળશે, અને તે સાથે સીલ્કે હયાતમાં પણ તે સામયિકને સામેલ કરવામાં આવશે,

Note: Final Date for Registrations: 12/10/2021

**CLICK HERE TO REGISTER**

INTERNAL AFFAIRS

-SILK-E-HAYAAT-